**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૦/૧૧/૨૦૧૫ શુક્રવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૨૩૪૮/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૫ કેસ કરી ૪૨ વ્યક્તિઓને ઝડપી ૧૩૮ લીટર દેશી દારૂ અને ૧૩૧ બોટલ ઇગ્લીશ દારૂ કબજે કર્યો હતો.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૨૩૪૯/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૩૪૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૦૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણ/બળાત્કારની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૨૩૫૦/૧૫**

**વેજલપુર :** વેજલપુર વિસ્તારમાં રહેતી ૧૭ વર્ષની તરૂણીનાં પિતાએ તા.૧૯/૧૧/૧૫ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૯/૧૧/૧૫ સાંજનાં ૭/૩૦ થી ૮/૦૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે પોતાના ઘર નજીક રહેતો આરોપી વિક્રમભાઇ બચુભાઇ ઘર નજીકથી લલચાવી ફોસલાવી લઇ જઇ, તરૂણીની મરજી વિરૂધ્ધ બળજબરીથી શરીર સબંધ બાંધ્યો હતો. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.બી.વાળંદ ચલાવે છે.

ઉપરોકત ગુનાના કામનાં આરોપીને તા.૧૯/૧૧/૧૫ રાતનાં ૮/૩૦ વાગે પકડી અટક કરેલ છે.

**બળાત્કારની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૨૩૫૧/૧૫**

**ગોમતીપુર :** ગોમતીપુર વિસ્તારમાં રહેતી ૧૬ વર્ષની તરૂણીની માતાએ તા.૧૭/૧૦/૧૫ નારોજ માણસા કલોલ તાલુકા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવતાં, સદરી ગુનો ફસ્ટ.ગુ.ર.નં.૦૦/૧૫ થી ટ્રાન્ફર થઇ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે આવતાં ફરીયાદ નોંધી છે કે આજથી આશરે બે વર્ષ પહેલાથી તા.૪/૧૦/૧૫ સુધીનાં સમયગાળા દરમ્યાન તરૂણીનાં ઘરે પોતાની ફોઇનો દીકરો અવાર-નવાર આવતો હોઇ, તરૂણી સાથે બળજબરીથી તેણીની મરજી વિરૂધ્ધ અવાર-નવાર શરીર સબંધ બાંધતો હોઇ, તરૂણીને ગર્ભ રહી જતાં તા.૪/૧૦/૧૫ ના રોજ તરૂણીએ દીકરીને જન્મ આપેલ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.આર.જનકાત ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૩૫૨/૧૫</u>**

**મેઘાણીનગર :** અજીતકુમાર મોતીલાલ જૈન (રહે.આશિષનગર સોસાયટી, મેઘાણીનગર)એ તા.૧૯/૧૧/૧૫ નારોજ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૧૧/૧૫ સવારના ૧૦/30 થી બપોરનાં ૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાની એમ.એમ.જ્વેલર્સ નામની દુકાનમાંથી આરોપી (૧) મનોજીત જાલેશ્વર શર્મા (રહે. ગામ: પારા, અંડલ પારૂ, ગોન્દપુરા, જગનલાલપુર, જી.હાડવા, પશ્ચીમ બંગાળ) અને બીજો એક અજાણ્યો પુરૂષ (જેમા નામ-ઠામની ખબર નથી) ભેગામળી અજીતભાઇ પાસેથી રીપેરીંગ સારૂ સોનાનાં દાગીના કુલ કિંમત રૂપિયા ૫,૭૨,૦૦૦/- મતાનાં લઇ પલાયન થઇ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.પી.તરીટીયા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)